1. ભારતના રાષ્ટ્રપતિપદ માટેની લાયકાતો જણાવો.

➢ ભારતના રાષ્ટ્રપતિ પદ માટે ઉમેદવારી કરનાર વ્યક્તિ માટે નીચે મજબની કેટલીક લાયકાતો હોવી જરૂરી છે.

(1) તે ભારતનો નાગરિક હોવો જોઈએ.

(2) ઓછામાં ઓછા 35 વર્ષ કે તેથી વધુ ઉંમર હોવી જોઈએ.

(3) તે લોકસભાના સભ્યપદ માટેની જરૂરી તમામ લાયકાત ધરાવતો હોવો જોઈએ.

(4) રાષ્ટ્રપતિના ઉમેદવાર કેન્દ્ર કે રાજય સરકારમાં સવેતન હોદો ધરાવતા ન હોવા જોઈએ.

2. ભારતના ઉપરાષ્ટ્રપતિપદ માટેની લાયકાતો જણાવો.

➢ ભારતના ઉપરાષ્ટ્રપતિ પદ માટેની લાયકાતો નીચે મુજબ છે :

(1) તે વ્યક્તિ ભારતનો જ નાગરિક હોવો જોઈએ.

(2) તે 35 વર્ષ કે તેથી વધુ ઉંમર ધરાવતા હોવા જોઈએ.

(3) રાજયસભાના સભ્યપદ ધારણ કરવા માટેની તમામ લાયકાતો ધરાવતો હોવો જોઈએ.

(4) કેન્દ્ર કે રાજ્ય સરકારમાં કોઈપણ પ્રકારનો સવેતન હોદો ધરાવતી ન હોવી જોઈએ.

(5) તે વર્તમાનમાં કોઈપણ ગૃહનો સભ્ય ન હોવો જોઈએ. જો ઉપરાષ્ટ્રપતિના પદ માટે યોગ્ય ઠરે તો અન્ય તમામ હોદાઓ ઉપરથી રાજીનામું આપવું પડે છે.

3. કેન્દ્રકક્ષાના પ્રધાનમંડળની રચના જણાવો. .

➢ કેન્દ્ર કક્ષાના પ્રધાનમંડળની રચના નીચે મુજબ થાય છે :

(1) સામાન્ય કે મધ્યસત્ર ચૂંટણીમાં ચૂંટાયેલ બહુમતી પક્ષના નેતાને રાષ્ટ્રપતિ વડાપ્રધાન તરીકે નિમણૂક કરે છે.

(2) જો કોઈ પક્ષને સ્પષ્ટ બહુમતી ન હોય તો સમાન વિચારધારા ધરાવતા પક્ષીની મિશ્ર સરકાર રચવા તે પક્ષોના પસંદ કરાયેલ નેતાને વડાપ્રધાન તરીકે નિમણૂક અપાય છે.

(3) વડાપ્રધાનની સલાહ અનુસાર રાષ્ટ્રપતિ પ્રધાનમંડળના અન્ય સભ્યો (પ્રધાનોની) ની નિમણુક કરે છે.

(4) રાષ્ટ્રપતિ વડાપ્રધાન અને કેન્દ્રીય પ્રધાન મંડળના સભ્યોને ગૃતતાના તેમજ હોદાના શપથ લેવડાવે છે.

(5) રાષ્ટ્રપતિ વડાપ્રધાનની સલાહ અનુસાર પ્રધાનોને વિભાગોની વહેંચણી કે પુનઃરચના કરે છે

4. ભારતના રાષ્ટ્રપતિની ચૂંટણી પ્રક્રિયા સમજાવો.

➢ ભારતે સંસદીય શાસન પદ્ધતિનો સ્વીકાર કરતો પ્રજાસત્તાક દેશ છે. ભારતમાં રાષ્ટ્રપતિની ચૂંટણી પરોક્ષ પદ્ધતિથી થાય છે. રાષ્ટ્રપતિની ચૂંટણી ગૃપ્ત મતદાનથી અને પસંદગીના ક્રમ બતાવીને થાય છે. રાષ્ટ્રપતિની ચૂંટણી માટે બે નિશ્ચિત મતદાર મંડળોની રચના કરવામાં આવે છે.

(1) સંસદના બંને ગૃહના ચૂંટાયેલા સભ્યો.

(2) રાજયોની વિધાનસભામો માં ચુંટાયેલા સભ્યોનો સમાવેશ થાય છે.

### 5. રાજ્યપાલનું સ્થાન જણાવો.

- ભારતીય સંઘ અને તેના એ કમ એવા રાજયોમાં સંસદીય પ્રકારની સરકાર રચાય છએ.  ભારતીય સંઘમાં રાષ્ટ્રપતિનું જે સ્થાન છે તેવું જ સ્થાન રાજ્યમાં રાજયપાલનું છે.  રાજયપાલએ રાજ્યના બંધારણીય અને ઔપચારિક વડા છે.રાજયપાલ પીઠ, અનુભવી, કાબેલ,રાજનીતિશ અને દીર્ધ દષ્ટિવાળા હોય તો રાજયમાં અસરકારક પ્રભાવ પાડી શકે છે.  ટૂંકમાં રાજયપાલ શાસનકર્તા નથી, પરંતુ બંધારણના રખેવાળ કર્તા છે.

### 6. સંસદીય કારોબારી એટલે શું?

- સંસદીય કારોબારી એટલે જે તંત્રમાં ધારાસભા અને કારોબારી વચ્ચે પરસ્પર ગાઢ સંપર્ક હોય અને કારોબારી ધારાસભાનું સર્જન ગણાતી હોય તેમ જ તે ધારાસભાને જવાબદાર હોય તો તેવી કારોબારીને સંસદીય કારોબારી કહેવાય છે. ગ્રેટ બ્રિટન સંસદીય કારોબારીનો આદર્શ નમૂનો છે.

### 7. પ્રમુખીય કારોબારી એટલે શું?

- પ્રમુખીય કારોબારી એટલે ધારાસભા અને કારોબારી પરસ્પર ગાઢ રીતે સંકળાયેલા ન હોય, તેમજ કારોબારી ધારાસભાને જવાબદાર નહિ, પરંતુ સ્વતંત્ર હોય, તેવી કારોબારીને પ્રમુખકીય કારોબારી કહેવાય છે. અમેરિકા પ્રમુખીય કારોબારીનો આદર્શ નમૂનો છે.